**આયુષની મદદથી કોવિડ-૧૯ અટકાયત માટે પ્રજાજનોની સામાજીક વર્તણૂકમાં સુધારો લાવવા બાબત..**

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ક્રમાંકઃએનસીવી./૧૦૨૦૨૦/એસ.એફ.૧/છ.
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૦.૪.૨૦૨૦

<u>પરિપત્ર</u>

વિશ્વમાં ફેલાયેલ કોરોના વાયરસ COVID-19 ને WHO એ પેન્ડેમીક જાહેર કરેલ છે. ભારત સરકારના આરોગ્ય મંત્રાલય, આયુષ મંત્રાલયઅને રાજ્ય સરકારની ગાઇડલાઇન અનુસાર રાજ્યમાં આ રોગને અટકાવવા વિવિધ પગલાંઓ હાથ ધરવામાં આવેલ છે.

રાજયના તમામ જિલ્લાના ગામડાઓમાં અને શહેરી વિસ્તારમાં વસ્તી પ્રમાણે દરેક ચાલી/પોળ/ફ્લેટ/સોસાયટી/વસાહતો માટે જરૂરીયાત મુજબના એક થી પાંચ વ્યકિતઓની **"કોરોના યોધ્ધા"** ટીમ તેમના વિસ્તારના વૃધ્ધ અને કોમોરબીડ વ્યકિતઓની યાદી બનાવે ઉપરાંત પ્રિવેન્ટીવ કેર મેનેજમેન્ટ, આર્યુવેદીક ઉકાળા, જરૂરી આયુષ દવાઓ તથા હોમીયોપેથીક દવાનું વિતરણ થાય તે જિલ્લા તંત્ર ધ્વારા સુનિશ્ચિત કરવા સુચના પરિપત્રિત કરવામાં આવેલ છે.

આ ભગીરથ કાર્યને અસરકારક બનાવવા અને પ્રજાજનોને કોરોના વાયરસ વિશેની સમજણ આપવામાં તથા આ રોગ સામે જાગૃતિ કેળવી રોગનું સંક્રમણ અટકાવવાના ઉમદા હેતુથી દરેક ગ્રામ્ય/ તાલુકા /જિલ્લા તંત્રએ તેમના વિસ્તારના ગામના મોભી, શાળાના આચાર્યશ્રી, જે તે ગામના સ્થાનિકમહંત/પાદરી/પૂજારી/મૌલવી જેવા સામાજીક આગેવાનો કે જે **પ્રજાજનોની Social Behavioral Communication Change** કરી શકે તેવા વ્યકિતઓની મદદ લઇ જે તે ગ્રામ્ય,તાલુકા, જિલ્લાના વિવિધ વિસ્તારોમાં તથા શહેરી વિસ્તારોમાં પોળ,ચાલી, સોસાયટી, ફ્લેટ તથા અન્ય માનવ વસાહતોમાં કોરોના વાયરસ વિશેની સમજણ તથા તેની સામે રક્ષણ મેળવવાની બાબતથી લોકોને સુમાહીતગાર કરવા તેમની યોગ્ય રીતે મદદ મેળવી સંકલન સાધી સુચારૂરુપે સંક્રમણ અટકાવવાની વિવિધ પ્રવૃત્તિઓમાં સહાય લેવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.કુરેશી)
સંયુકત સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

પ્રતિ,

- માન, મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, (આરોગ્ય), કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- જિલ્લા કલેકટરશ્રીઓ (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)
- વિભાગની છ, છ.૧ શાખા વધુ પ્રચાર અને જરૂરી સુચના આપવા વિનંતી સહ.
- નાયબ સેકશન અધિકારીશ્રી, સીલેકટર ફાઇલ
- સિલેક્ટ ફાઇલ.